સિદ્ધાંતરહસ્યમ્

શ્રાવણસ્યામલે પક્ષે એકાદશ્યાં મહાનિશિ ।
સાક્ષાદ્ભગવતા પ્રોક્તં તદક્ષરશ ઉચ્યતે ॥૧॥
બ્રહ્મસમ્બન્ધકરણાત્ સર્વેષાં દેહજીવયોઃ ।
સર્વદોષનિવૃત્તિર્હિ દોષાઃ પંચવિધાઃ સ્મૃતાઃ ॥૨॥
સહજા દેશકાલોત્થા લોકવેદનિરૂપિતાઃ ।
સંયોગજાઃ સ્પર્શજાશ્ચ ન મન્તવ્યાઃ કથંચન ॥૩॥
અન્યથા સર્વદોષાણાં ન નિવૃત્તિઃ કથંચન ।
અસમર્પિતવસ્તૂનાં તસ્માદ્વર્જનમાચરેત્ ॥૪॥
નિવેદિભિઃ સમર્પ્યૈવ સર્વં કુર્યાદિતિ સ્થિતિઃ ।
ન મતં દેવદેવસ્ય સામિભુક્તસમર્પણમ્ ॥૫॥
તસ્માદાદૌ સર્વકાર્યે સર્વ વસ્તુસમર્પણમ્ ।
દત્તાપહારવચનં તથા ચ સકલં હરેઃ ॥૬॥
ન ગ્રાહ્યમિતિ વાક્યં હિ ભિન્નમાર્ગપરં મતમ્ ।
સેવકાનાં યથા લોકે વ્યવહારઃ પ્રસિદ્ધ્યતિ ॥૭॥
તથા કાર્યં સમર્પ્યૈવ સર્વેષાં બ્રહ્મતા તતઃ ।
ગંગાત્વં સર્વદોષાણાં ગુણદોષાદિવર્ણના ॥૮॥
ગંગાત્વેન નિરુપ્યા સ્યાત્તદ્વદત્રાપિ ચૈવ હિ ।

॥ ઈતિ શ્રીમદ્વલ્લભાચાર્યવિરચિતં સિદ્ધાન્તરહસ્યમ્ સમાપ્તમ્ ॥

:: ભાવાર્થ ::

શ્રાવણમાસના શુક્લપક્ષમાં, એકાદશી તિથીમાં, મધ્યરાત્રીના સમયે સાક્ષાત્ ભગવાને આપના અભિપ્રાયપૂર્વક જે કહ્યું તે એક-એક અક્ષર દ્વારા આ ગ્રન્થમાં કહેવામાં આવે છે. ૧

બ્રહ્મસંબંધ કરવાથી બધાના દેહ અને જીવના બધા દોષોની નિવૃત્તિ થાય છે. તે દોષ પાંચ પ્રકારના પ્રસિદ્ધ છે. ૨

સહજ દોષ, દેશથી ઉત્પન્ન થયેલા દોષ, કાલથી ઉત્પન્ન થયેલા દોષ, સંયોગથી થયેલા દોષ અને સ્પર્શથી થયેલા દોષ - આમ પાંચ પ્રકારના દોષ લોકમાં તથા વેદમાં નિરૂપણ કરેલા છે. અથવા સહજદોષ, દેષ-કાલથી ઉત્પન્ન થયેલા દોષ, લોક તથા વેદમાં નિરૂપણ કરેલા દોષ, સંયોગથી થયેલા દોષ અને સ્પર્શથી થયેલા દોષ આમ પાંચ પ્રકારના દોષ છે. તે કોઈપણ પ્રકારે માનવા નહીં. ૩

દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અન્તઃકરણ વગેરે બધુ ભગવાનને અર્પણ કર્યા વિના બધા દોષોની નિવૃત્તિ કોઈ અન્ય પ્રકારથી નથી થતી. તેથી જેનું સમર્પણ ભગવાનને ન થયું હોય તેવી અસમર્પિત વસ્તુ આપણા ઉપયોગમાં લેવી નહીં, અસમર્પિત વસ્તુનો ત્યાગ જ કરવો. ૪

પુષ્ટિમાર્ગની રીતિથી આચાર્ય દ્વારા જે જીવનું નિવેદન થયું છે તેવા જીવે ભગવાનને અર્પણ કરીને જ બધા કાર્ય કરવા, આવી ભક્તિમાર્ગની દોષ રહિત મર્યાદા છે. તેમાં જે અર્ધભુકત પદાર્થ હોય તે દેવાધિદેવ પ્રભુને સમર્પણ કરવા યોગ્ય નથી. ૫

નિવેદિત પદાર્થ પ્રભુને સમર્પિને જ સર્વકાર્ય કરવા એવી ભક્તિમાર્ગની મર્યાદા છે. તેથી સર્વકાર્યમાં સર્વવસ્તુ અર્પણ કરવી. અને તેવી જ રીતે ''ભગવાનની નિવેદિત વસ્તુ આપણા ઉપયોગમાં ન લેવી.'' ૬

તે વચન ભક્તિમાર્ગથી ઈત્તરમાર્ગ માટે છે, લોકમાં સેવકોનો વ્યવહાર જેમ સિદ્ધ થાય છે તેમ. ૭

તેમ પ્રભુને અર્પણ કરીને જ બધા કાર્ય કરવા. આમ કરવાથી બધાને બ્રહ્મરૂપપણું પ્રાપ્ત થાય છે. પરનાલા વગેરેનું જલ ગંગામાં મળી જાય ત્યારે તેના દોષોને ગંગાપણું પ્રાપ્ત થાય છે. ૮

તેથી તેના ગુણ-દોષોનું નિરૂપણ ગંગારૂપથી જ થાય છે તેમ બ્રહ્મસંબંધ થયા પછી અહીં પણ બધાનું બ્રહ્મરૂપપણું થાય છે. ૮૧/૨

સિદ્ધાન્ત રહસ્ય

શ્રીયદુનાથજી વિરચિત શ્રીવલ્લભ-દિગ્વિજયના મધ્યમ-યાત્રા પરિચ્છેદમાં આ ઘટનાને આવી રીતે વર્ણવેલી છે : ‘‘શ્રીમહાપ્રભુજી મથુરાથી ગોકુલ પધાર્યા, ત્યાં શ્રાવણમાસની અજવાળી એકાદશીનું વ્રત તેમજ જાગરણ આપશ્રીએ કર્યું. મધ્યરાત્રિએ ભગવાને પ્રકટ થઈને દર્શન આપ્યા. તે સમયે શ્રીમહાપ્રભુજીએ પવિત્રા ધરીને મીસરીનો ભોગ ધર્યો. પછી શ્રીગોકુલનાથે (શ્રીઠાકોરજીએ) શ્રીમહાપ્રભુજીને સાંત્વન આપ્યું કે, આપે દૈવી જીવોના ઉદ્ધારની ચિંતા કરવી જોઈએ નહીં. દૈવી જીવોના ઉદ્ધાર માટે પ્રસ્તુત ગ્રંથમાં વર્ણવાયેલી ભાવનાની સાથે ગદ્યમંત્રનું દાન (મદુક્ત-ભાવના સહિત ગદ્યમ્) શ્રીમહાપ્રભુજીને આપવામાં આવ્યું અને અન્ય દૈવી જીવોને પણ આ ભાવનાના ઉપદેશની સાથે ગદ્યમંત્ર દ્વારા દિક્ષિત કરવાનો આદેશ આપવામાં આવ્યો. ભગવાને શ્રીમહાપ્રભુજીને વચન આપ્યું કે, તમારાથી જેને આ સર્વસ્વના સમર્પણપૂર્વક આત્મનિવેદનની દીક્ષા કરવામાં આવશે તેની અહંતા-મમતાનો સેવામાં વિનિયોગ કરવાથી તેને ભગવાનની લીલા અનુભવવાનું સામર્થ્ય પ્રદાન કરવામાં આવશે. પ્રાતઃકાલે શ્રીમહાપ્રભુજીએ આ દીક્ષા દામોદરદાસ હરસાની તથા કૃષ્ણદાસ મેઘનને આપી.

૮૪ વૈષ્ણવોની વાર્તા અનુસાર ભગવાનની આજ્ઞા પછી શ્રીમહાપ્રભુજીએ સમીપમાં સુતેલા દામોદરદાસ હરસાનીને પૂછયું ‘‘દમલા ! તેં કછુ સૂન્યો ?’’ તબ દામોદરદાસને કહ્યો ‘‘જો મહારાજ ! મૈંને શ્રીઠાકુરજીકે વચન સુને તો સહી, પરી સમુજ્યો નાહીં’’.

બ્રહદારણ્યક ઉપનિષદમાં પણ સાંભળ્યું તો બધાએ હતું - સમર્પણનો સિદ્ધાંત કે ‘‘આ આત્મા સર્વપ્રાણીઓનો અધિપતિ છે, બધા જ પ્રાણીઓનો રાજા છે. જેવી રીતે રથના ચક્રના મધ્યભાગમાં અને રથના ચક્રના ઘેરાવામાં સર્વે આરાઓ સમર્પિત થયેલા છે. તેવી જ રીતે સર્વ જીવો, સર્વ દેવો, સર્વ લોક, ભૂતમાત્ર અને બધા આત્માઓ આ પરમાત્મામાં સમર્પિત થયેલા છે.’’ (બૃહદારણ્યક ઉપનિષદ ૨/૫/૧૫), પરંતુ

સમજમાં ક્યાં આવે છે ? જે પરમાત્મામાં બધું જ સમર્પિત છે, તે પરમાત્મા પ્રત્યે મન, વાણી અને દેહથી સર્વ સમર્પણની સ્વીકૃતિ બધાની સમજમાં આવતી નથી. આથી જ ભગવાને ગીતામાં પણ કહી દીધું કે –

મન્મના ભવ મદભક્તો મદ્યાજી માં નમસ્કુરુ ।
મામેવૈષ્યસિ સત્યં તે પ્રતિજાને પ્રિયોઽસિ મે ॥ ૬૫ ॥
(ભ.ગી. ૧૮/૬૫)

શ્લોકાર્થ :- મારામાં મન રાખનાર થા, મારો ભક્ત થા, મને નમસ્કાર કર, તું મને પ્રિય છે તેથી તારી પાસે સત્ય પ્રતિજ્ઞા કરૂ઼ં છું કે તું મને જ પામીશ. ૬૫.

પરંતુ ભગવાનની આ પ્રતિજ્ઞાનું તથા પ્રેમપૂર્વક આશ્વાસનનું તાત્પર્ય સમજમાં ક્યાં આવે છે ? શ્રીભાગવતમાં પણ ભગવાનની વાણી આપણે સાંભળી તો છે કે –

યે દારાગારપુત્રાપ્ત પ્રાણાન્ વિત્તમિમં પરમ્ ।
હિત્વા માં શરણં યાતાઃ કથં તાંસ્ત્યક્તુમુત્સહે ॥ ૬૫ ॥
(શ્રીમદ્ ભાગવત - ૯/૪/૬૫)

શ્લોકાર્થ :- જે સ્ત્રી, ઘર, પુત્ર, મિત્ર, પ્રાણ, ધન આ લોક તથા પરલોકને છોડીને મારા રક્ષણ નીચે આવ્યા હોય તેઓને હું કેમ છોડી શકું ? ॥ ૬૫ ॥

પરંતુ તે સમજમાં ક્યાં આવે છે ?

નિવેદન, સમર્પણ તેમજ વિનિયોગ ઉત્તરોત્તર એકબીજાના રહસ્યરૂપ છે અથવા તાત્પર્યરૂપ છે. પંચાક્ષર મંત્ર દ્વારા જે આત્મનિવેદન કરવામાં આવે છે, ગદ્યમંત્રમાં તે જ ‘આત્મા’ અને ‘નિવેદન’નું રહસ્ય આત્મીય સઘળા પદાર્થોનું સમર્પણના રૂપમાં સમજાવાયું છે. ગદ્યમંત્રમાં જે આત્મા તેમજ આત્મીય સઘળા પદાર્થોનું સમર્પણ કરવામાં આવે છે, તેનું રહસ્ય પોતાના સ્વામી (પોતાના માથે બિરાજતા શ્રીઠાકોરજી) શ્રીકૃષ્ણની તનુવિત્તજા સેવામાં પોતાના તથા પોતાની સાથે સંબંધિત બધા પદાર્થોના વિનિયોગમાં સરળતાથી સમાયેલું છે. અન્યથા, સમર્પણ (બ્રહ્મસંબંધ) પૂર્ણતાથી સાર્થક થતું નથી. સમર્પણ કરાયેલાનો વિનિયોગ આથી જ આવશ્યક છે.

શ્રીમહાપ્રભુજીને આત્મનિવેદનની ભાવનાના રૂપમાં પ્રભુએ પ્રકટ થઈને આ જ સમજાવ્યું હતું ''તેથી અસમર્પિત વસ્તુનો ત્યાગ કરવો; જેણે આત્મનિવેદન (બ્રહ્મસંબંધ) કર્યું છે તેણે પ્રભુને સમર્પણ કરીને જ બધું કરવું, એવો નિશ્ચિત નિયમ છે'' (સિદ્ધાન્ત રહસ્ય ૪-૫) જેઓ બ્રહ્મસંબંધ પામેલા છે તેમણે અસમર્પિત વસ્તુઓનો ત્યાગ કરવો જોઈએ. પોતાના બધા જ કામકાજ સમર્પણ પૂર્વક જ ચલાવવા જોઈએ. આ જ બ્રહ્મસંબંધ અથવા આત્મનિવેદનની મૂળ ભાવના છે.

આ જ રહસ્ય શ્રાવણમાસની અજવાળી અગીયારસની મધ્ય રાત્રિએ સાક્ષાત્ ભગવાને પ્રકટ થઈને શ્રીમહાપ્રભુજીને સંભળાવ્યું હતું. તે પંચાક્ષર અને ગદ્યમંત્રના અંશને ગોપ્ય હોવાના કારણે છોડી દઈને સમર્પણના સિદ્ધાન્તના ભગવાને કહેલા આ રહસ્યને અહીં અક્ષરશઃ શ્રીમહાપ્રભુજીએ ફરીથી કહેલ છે. જે વાત ભગવાને ગદ્યમંત્રની ભાવનાના રૂપમાં કહી હતી તેનું અહીં અક્ષરેઅક્ષર નિરૂપણ છે, પંચાક્ષર કે ગદ્યમંત્રનું નિરૂપણ નથી.

આ જ પુષ્ટિમાર્ગના સિદ્ધાન્તનું અત્યન્ત ગૂઢ રહસ્ય છે. આ જ પુષ્ટિમાર્ગીનું પ્રમુખ કર્તવ્ય છે. ભગવાનના સ્વરૂપની સેવાની દીક્ષા (બ્રહ્મસંબંધ) લેવાય તે સમયે અને લીધા પછી ભગવાનને અત્યન્ત પ્રિય એવી આ જ ભાવના છે. આ જ ભાવના ગોકુલમાં પ્રકટ થઈને ભગવાને શ્રીમહાપ્રભુજીને સમજાવી હતી. તે અર્ધરાત્રી પુષ્ટિજીવોના ઉદ્ધારની ચિંતામાં જાગૃત શ્રીમહાપ્રભુજીની ચિંતા આ રહસ્યના પ્રકાશનથી દૂર કરવામાં આવી હતી. પરંતુ આજ સુધી શ્રીમહાપ્રભુજીની સમીપ સુષુપ્ત એવા તેઓશ્રીના પુષ્ટિજીવ આ સિદ્ધાન્ત રહસ્યને સાંભળીને પણ સમજી શકતા નથી !

''દમલા, યહ મારગ તેરે લિએ પ્રકટ કિયો હૈ'' એ વાણીમાં કેટલું બધું પોતાપણું છે ! ''દમલા ! તેં કછુ સૂન્યો ?'' એ પ્રશ્નમાં સિદ્ધાન્તનું પુરેપુરૂં રહસ્ય પોતાના પુષ્ટિજીવોને સંભળાવવાની અને સમજાવવાની કેટલી બધી ઉત્કંઠા છે ! જીવ એને સાંભળીને પણ ભલે સમજે કે ન સમજે !

સિદ્ધાન્ત રહસ્ય ગ્રંથમાં બ્રહ્મસંબંધ દ્વારા જે પાંચ મુખ્ય પ્રકારના દોષો જેમાં દરેક પ્રકારના દોષો સમાઈ જાય છે તે મુખ્ય દોષોની નિવૃત્તિ બતાવવામાં આવી છે તે -

(૧) સહજ દોષ એટલે કે અવિદ્યાનો સંબંધ થવાથી અભિમાન વગેરે (હું દેહ છું) થાય છે. તથા કામ–ક્રોધ વગેરે લિંગ દેહ (સૂક્ષ્મદેહ) ના સહજ દોષ છે. અને માતા–પિતામાં જે દોષ તથા રોગ રહેલા હોય છે તે સંતતિમાં આવે તે સ્થૂળ દેહના સહજ દોષ છે.

(૨) દેશકાલથી જે જે દોષ થાય છે તે દેહને છે જીવને નથી. જેમકે મગધ દેશમાં ગયાજી વગેરે પવિત્ર સ્થળ છે એ સિવાય બાકીનો દેશ અપવિત્ર છે. મરૂ દેશમાં બધી જ ધરતી અપવિત્ર છે તેથી આવા અપવિત્ર દેશમાં જન્મ થવાથી તથા તે દેશમાં જવાથી જે દોષ થાય છે તે 'દેશોત્થ' દોષ કહેવાય છે.

(૩) કલિકાલથી, દુષ્ટ મુહૂર્તથી તથા દુષ્ટ અવસ્થાથી જે દોષ થાય છે તે 'કાલોત્થ' દોષ કહેવાય છે.

(૪) જ્ઞાનપૂર્વક કામની પ્રવૃત્તિથી મનનો યોગ થવાથી જે દોષ ઉત્પન્ન થાય છે તે 'સંયોગજ' દોષ કહેવાય છે.

(૫) અને કોઈના સ્પર્શથી જે દોષ ઉત્પન્ન થાય છે તે 'સ્પર્શજ' દોષ કહેવાય છે.

આ દોષોના સંદર્ભમાં આજની પરિસ્થિતિનો વિચાર કરવામાં આવે તો બ્રહ્મસંબંધ દીક્ષા, જે એક માત્ર સર્વસમર્પણપૂર્વક ભગવદ્ સેવા કરવામાં આ બધા દોષોની નિવૃત્તિ માટેની દીક્ષા છે. તે દીક્ષા લઈને, લેવડાવીને કે પછી આપીને પાંચ મુખ્ય પ્રકારના સિંહ જેવા દોષોની નિવૃત્તિ થઈ ગયા છતાં પણ તેના પેટા દોષો જે શીયાળીયા જેવા છે જેમકે – કુવા સીવાયના જલનો દોષ, અપરસનો દોષ, સગાસંબંધીઓ સાથે ખાનપાનનો દોષ, લાકડા સિવાયની અગ્નિનો દોષ, ઘરના સભ્યો સાથે જલનો પણ વહેવાર રાખો તો દોષ આવા બધા ક્ષુદ્ર દોષોને પહાડ જેવા રજૂ કરીને આપણે અસમર્પિત ત્યાગના સિદ્ધાન્તનું ખંડન કરીને ભગવદ્સેવા, ભગવત્સંબંધ, ભગવદ્અધરામૃતના પુષ્ટિમાર્ગીય ફલથી વિમુખ બનીએ છીએ અથવા બનાવવામાં આવી રહ્યા છીએ જેનાથી પુષ્ટિજીવના ઉદ્ધારનો માર્ગ જ ખતમ થઈ જાય છે, અને વળી ઉદ્ધારના નામે ખોટે ખોટા રસ્તાઓ ઉભા કરીને ઉદ્ધારને બદલે પતનના માર્ગે જવું કે લઈ જવા એ તો સાક્ષાત્ શ્રીઠાકોરજી, શ્રીમહાપ્રભુજી અને વૈષ્ણવ ત્રણેયના અપરાધી એટલે કે હરિ,

ગુરુ, વૈષ્ણવના ત્રણેયના અપરાધી બનવું અને બનાવવા સિવાય બીજું કાંઈ જ નથી. આ વાત સમ્પ્રદાય અંતર્ગત હૃદયમાં કોતરીને રાખવા જેવી છે.

સિદ્ધાન્ત રહસ્ય ગ્રંથની ટીકામાં શ્રીવ્રજોત્સવજી બીજા શ્લોકની વિવૃત્તિમાં આજ્ઞા કરે છે કે - ''બ્રહ્મસંબંધ કરવાનો અર્થ છે, સાક્ષાત્ પુરુષોત્તમ સાથે સંબંધ કરવો અને તે પણ શ્રીમદાચાર્યચરણના દ્વારા શરણગમનપૂર્વક. પરંતુ 'દેહ જીવયોઃ' અને 'સર્વેષાં' આ શબ્દોનો શું અર્થ છે ? આ પ્રશ્ન થાય છે. ત્યાં એમ સમજવું જોઈએ કે, દેહ સાથે સંબંધિત પત્નિ-વગેરે અને સઘળી ઈન્દ્રિય-પ્રાણ-અંતઃકરણ વગેરેનું પ્રભુના ચરણોમાં સમર્પણ દ્વારા તેમને ભગવદીય કરવા તે છે. આના પછી જ દેહજીવ અને બધાના સઘળા દોષોની નિવૃત્તિ થશે. બ્રહ્મસંબંધ થવાથી પ્રભુની સેવાનો અધિકાર પરિપૂર્ણ થયા પછી એટલે કે બધાનો ભગવાનમાં જ ઉપયોગ કરવાથી બધા દોષો આપમેળે નષ્ટ થઈ જશે, આ ભાવ છે''

ઉપરના વચનોથી એ સિદ્ધ થાય છે કે બ્રહ્મસંબંધ લીધા પછી બધા કાર્યો જો શ્રીઠાકોરજીને વિનિયોગ કરાવીને ન કરવામાં આવે તો દોષોનો નાશ થતો નથી અને બ્રહ્મસંબંધ દ્વારા નિવૃત્ત થયેલા દોષો પાછા પ્રવૃત્ત થઈ જાય છે.

શ્રીહરિરાયજી પણ આ જ ગ્રંથની ટીકામાં આજ્ઞા કરે છે :- ''આ સમસ્ત દોષ પોતાને અનુભૂત થાય કે બીજાના કહેવાથી જણાતા હોય; વિશેષ આ છે કે, આને સેવામાં બાધક તો સર્વથા ન માનવા જોઈએ.'' ૮૩. ''કથંચન'' આ પદ દ્વારા આ દોષોને ન માનવાનો અર્થ સૂચિત કરવામાં આવેલો છે. 'મન્તવ્યાઃ' પદમાં પ્રયુકત થયેલું 'તવ્ય' પ્રત્યયથી એ કહેવાઈ રહ્યું છે કે સેવામાં આ દોષોનો વિચાર કોઈપણ પ્રકારે ન કરવો જોઈએ'' ૮૪.

શ્રીહરિરાય મહાપ્રભુની આ કેટલી બધી ખુલ્લી સપષ્ટતા છે દોષોની બાબતમાં, છતાં પણ દોષોના ભૂંગળા વગાડીને ભગવદ્સેવાથી બહિર્મુખ કરવા અથવા થવું એ તો નરી મુર્ખાઈ જ નહીં તો બીજું શું હોઈ શકે ?

અને બહુ થાય તો મીસરી, ઝારીજી, દુધઘર, નાગરી, અનસખડી ભોગના અધુરા સમર્પણવાળી સેવા કરવાનો પ્રકાર બતાવી દેવો કે અપનાવી લેવો એ કેટલા અંશે સંપ્રદાયના સિદ્ધાન્તમાં શ્રીમહાપ્રભુ તથા પ્રભુને માન્ય

કે સ્વીકાર્ય છે તેની સ્પષ્ટતા પણ શ્રીહરિરાયજી આ ગ્રંથની ટીકામાં સ્પષ્ટ કરે છે કે :

''દયાળુ-ભક્તિમાર્ગીય પ્રભુ-શ્રીકૃષ્ણએ પ્રસ્તુત ગ્રંથ(સિદ્ધાન્ત રહસ્ય) માં જે 'વસ્તુનાં' કહ્યું છે (૪થા શ્લોકમાં) એનો આશય બહુલતામાં (બધીજ વસ્તુઓમાં) છે. એટલે કે અસમર્પિતનો ત્યાગ સર્વાંશમાં (બધીજ વસ્તુઓમાં) જ કરવો જોઈએ, કોઈ એક અંશ (ઝારી, મીસરી, દુધઘર, નાગરી, અનસખડી કે સખડી) માં નહીં, આ જાણી લેવું.'' અને આપશ્રી આગળ પણ આજ્ઞા કરી રહ્યા છે કે ''જેમ જનોઈ થયા પછી તૂરત જ ગાયત્રીમંત્રનો ઉપદેશ (દીક્ષા) આપવામાં આવે છે ત્યાર પછી શ્રુતિ-સ્મૃતિ(વેદ-શાસ્ત્ર) ના કહેલાં આચરણ ન કરવાથી ફલ પ્રાપ્તિ થતી નથી, તેવી જ રીતે અહિં 'આચરેત્' પદથી બ્રહ્મસંબંધના ઉપદેશ (દીક્ષા) પછી તૂરતજ અસમર્પિત-ત્યાગ, સમર્પિત-ગ્રહણ વગેરે આચરણ કહેવાઈ રહ્યા છે. તેવું આચરણ સર્વસમર્પણ અને અસમર્પિત ત્યાગ છે. આના સિવાય અંગહીન-સેવા (મીસરી વિ.) પુષ્ટિમાર્ગમાં ફલિત થતી નથી.'' ૯૯.

આપણા પુષ્ટિભક્તિમાર્ગમાં બ્રહ્મસંબંધ શું છે તેની વ્યાખ્યા પણ પ્રાચિન આચાર્યો એ આ ગ્રંથની ટીકામાં સ્પષ્ટ નિરૂપણ કરેલી છે. બીજા શ્લોકની ટીકામાં શ્રીગોકુલનાથજી આજ્ઞા કરે છે -''બ્રહ્મસંબંધકરણ'' નો અર્થ છે, જીવનું પુષ્ટિમાર્ગીય આચાર્ય (શ્રીમહાપ્રભુજી) દ્વારા ભગવાનને નિવેદન (વાણી દ્વારા જણાવવું). એનાથી બધા દેહના તથા બધા જીવના સેવામાં આવતા પ્રતિબંધક દોષોની નિવૃત્તિ કહેવાયેલી છે.'' એટલે કે જેમને પોતાની માથે શ્રીઠાકોરજી પધરાવીને પોતાના ઘરમાં પોતાના તનમનધનથી પોતાના પરિવાર સાથે મળીને સર્વસમર્પણપૂર્વક ભગવદ્સેવા કરવી છે તે બધાનું બ્રહ્મસંબંધ દ્વારા નિવેદન કરવાથી તે બધાના ભગવત્સેવા કરવા માટે જે દોષો છે તેની નિવૃત્તિ માત્ર છે આથી વિશેષ કાંઈ જ નહીં.

શ્રીહરિરાયજી પણ આ ગ્રંથની ટીકામાં આજ્ઞા કરે છે - ''બ્રહ્મસંબંધ માત્ર દોષ નિવૃત્તિને માટે જ કહેવાયેલ છે. ગુણ પ્રાપ્ત કરાવનારો સંબંધ (ઉદ્ધાર કરનારા ગુણ એટલે ભગવદ્પ્રાપ્તિ સ્વરૂપાનન્દનો અનુભવ, લીલા ની અનુભૂતિ) તો ફલદશા (સર્વસમર્પણપૂર્વક ઘરમાં

ભગવદ્સેવા કરશે તે) વખતે કહેલો છે. અને તેથી બ્રહ્મસંબંધ સાધન છે, જેમ લૌકિકમાં વિવાહ થાય છે.''૩૨.

આ શ્રીહરિરાયજીના વચનોથી જ સમજાય છે કે જેમ લોકમાં પણ એક સ્ત્રી અને એક પુરૂષ એકબીજાને પસંદ કરીને સાથે રહી દામ્પત્ય-ગૃહસ્થજીવન જીવવા માગતા હોય તો તેમને માટે પોત-પોતાના સગા-સંબંધી અને સમાજની સાક્ષીમાં બ્રાહ્મણ અને અગ્નિદેવની સાક્ષીમાં વિવાહ-વિધિ કરવી જરૂરી છે અને ત્યારે જ એ પોતાના સમાજમાં માન્યતા પામે છે. હવે જો એમ કહે કે વિવાહ તો કરી લઈએ પરંતુ રહેવાનું બંનેને પોતપોતાને ઘેર તો પછી વિવાહ કરવાનું ફલ ક્યાં રહે, તેથી વિવાહની જ શું જરૂર ? એમ જેને પોતાને માથે શ્રીઠાકોરજી પધરાવીને પોતાના ઘરમાં શ્રીઠાકોરજી સાથે રહીને દામ્પત્યજીવન જીવવું નથી તેના માટે વિવાહરૂપી બ્રહ્મસંબંધ કરવાથી શું ફલ ? તેના માટે બ્રહ્મસંબંધ નિષ્ફલ જ છે એટલું જ નહીં પણ શ્રીગુસાંઈજી તો સ્પષ્ટ આજ્ઞા કરે છે કે ઉલ્ટાનું પ્રત્યાવાયી થવાય છે એટલે કે દોષના ભાગીદાર થવાય છે. માત્ર બ્રહ્મસંબંધ લઈ લેવાથી નથી ઉદ્ધાર થઈ જતો કે નથી ગોલોકની પ્રાપ્તિ થઈ જતી ઉલ્ટાના દોષના પોટલા જ બંધાય છે.

સિદ્ધાન્ત રહસ્ય ગ્રંથના છઠ્ઠા શ્લોકમાં ''તસ્માદ્ આદૌ'' કથનમાં શ્રીપુરુષોત્તમજી આપની ટીકામાં શંકા ઉઠાવે છે કે ''સમસ્ત કાર્યોને કરતાં પહેલાં સમસ્ત વસ્તુઓને ભગવાનમાં સમર્પણ કરવી... તેમજ અસમર્પિત વસ્તુઓનું વર્જન કરવું ... વિગેરે જે વાત આપે કહી, આવા ઉપદેશનું પાલન કરવું તો અશક્ય જ છે; કેમકે બધા કાર્યોને પહેલાંથી જાણી લેવા શક્ય નથી જેમ તાવ આવે ત્યારે કે અસ્વસ્થતા થાય ત્યારે વૈદ્ય જો તે સમયે (તેની સામે) પથ્ય રૂપમાં કોઈ વસ્તુને લેવાનું કહે તો તેને તો પહેલાંથી જાણવું સંભવ નથી. આવી પરિસ્થિતિમાં એને પ્રભુને સમર્પણ કરવું સંભવ નથી. એ જ રીતે આપણો કોઈ આદરણીય હોય, સંબંધી (સગા-સંબંધી) હોય, શિષ્ય હોય, કે પછી કોઈ અન્ય વ્યક્તિ તેના ઘરમાં આપણને ભોજન વગેરે કરાવે વિનયપૂર્વક કે હઠપૂર્વક કોઇ વસ્ત્ર કે અલંકાર આપણને આપે, તો તે સમયે ભગવાનને સમર્પણ કરવું સંભવ નથી હોતું અને આવી પરિસ્થિતિમાં અસમર્પિતનું વર્જન કરવું પણ સંભવ નથી હોતું. આમાં સ્વધર્મનો વ્યવહાર

કેવી રીતે થાય ? આનું સમાધાન ''સેવાકાનાં યથા લોકે... '' વગેરે શબ્દોથી કરી રહ્યા છે.

ઉપરની શંકાનું નિવારણ શ્રીપુરુષોત્તમજી આગળના શ્લોકના વિવરણ ટીકામાં કરી રહ્યા છે કે - ''શ્રીમદ્ ભાગવતમાં પણ કહ્યું છે કે ''ઉદ્યતસ્ય હિ કામસ્ય પ્રતિવાદો ન શસ્યતે । અપિ નિર્મુક્તસંગસ્ય કામરક્તસ્ય કિં પુનઃ ।। (૩/૨૨/૧૨)'' એટલે કે જે ભોગ આપમેળે પ્રાપ્ત થઈ જાય, તેને વિરકત પણ નથી છોડી શકતા, પછી વિષયાસક્તની તો વાત જ શું કરવી ? આ વાકયથી કામ (ઇચ્છા)નો પ્રતિરોધ કરવો સંભવ નથી. આ કારણે જો પોતાને કોઈ વસ્તુનો ભોગ કરવાની ઈચ્છા ઉત્પન્ન થાય ત્યારે સર્વપ્રથમ તેને પ્રભુને જણાવીને પછી તેને સમર્પીને, ત્યાર પછી ભોગ કરવો જોઈએ... પરંતુ અહિં એટલું વિશેષ ચોક્કસ છે કે, જે ઓગણીસમાં અધ્યાયમાં 'મારી અમૃતમયી કથામાં શ્રદ્ધા રાખવી જોઈએ' (ભા.પુ.૧૧/૧૯/૨૦) વિગેરે સાડાચાર શ્લોકો દ્વારા આત્મનિવેદિતોને ભક્તિના કારણરૂપ જે ધર્મ કહેલા છે. ત્યાં આ પણ કહેલું છે કે ભગવાનને માટે સઘળી કામનાઓનું વર્જન કરવું. (ભા.પુ.૧૧/૧૯/૨૩) તેમજ ભગવાનથી વિરોધી ધન-ભોગ તેમજ સુખનો સંપૂર્ણ ત્યાગ કરવો જોઈએ (ભા.પુ.૧૧/૧૯/૨૨) તેથી જાતિકુલની મર્યાદા નિભાવવા માટે કરવામાં આવતું આ પ્રકારનું સમર્પણ આ વાકયોથી વિરૂદ્ધ છે તેથી આવો ભક્ત/સેવક મુખ્ય સાધન કક્ષા સુધી નથી પહોંચી શકતો. આ કારણે ઉપર્યુકત વાકયોનું આચરણ કહીને 'મારા પ્રત્યે શ્રદ્ધાળુને આ કામના ભોગવી તો લ્યે, પરંતુ ખરા હૃદયથી આને દુઃખજનક જ સમજવી જોઈએ' (ભા.પુ.૧૧/૨૦/૨૮) આ વાક્યાનુસાર હૃદયમાં ગ્લાનિનો અનુભવ કરતાં કરતાં 'અશકય કાર્યોમાં અથવા સુશકય કાર્યોમાં - બધા પ્રકારે હરિના શરણની જ ભાવના કરવી જોઈએ' (વિ.ધૈ.આ.૧૯) આ વાકયની ભાવના કરવી. અને ભગવાનના અંકુશ વજયુક્ત ચરણોનું ધ્યાન પણ કરવું જોઈએ. આમ કરવાથી આ મનના દોષ તુરત જ નિવારિત થઈ જાય છે.

આ ઉપરાંત વિશેષ સ્પષ્ટતા આ ગ્રંથના છેલ્લા શ્લોક ''ગંગાત્વં સર્વદોષાણાં ...'' ની ટીકાના વિવરણમાં શ્રીપુરુષોત્તમજી આજ્ઞા કરે છે કે- ''આ દોષોને કોઈ પણ પ્રકારે ન માનવા જોઈએ (ન મંતવ્યાઃ કથંચન) -

આમ કહીને ગંગારૂપ થઈ જાય છે (ગંગાત્વં) આ ત્રીજા શ્લોકના અંતર્ગત જ કહી દેત. ત્યાં ન કહીને અહીં આઠમા શ્લોકમાં – આનાથી બધાની બ્રહ્મતા (બ્રહ્મરૂપપણું) થઈ જાય છે (સર્વેષાં બ્રહ્મતા તતઃ) – આ ફલ કહ્યા પછી જે કહ્યું તેનાથી આચાર્યચરણોને આનું ફલ બતાવવું પણ અભિપ્રેત છે, એમ જાણવું જોઈએ. અહીં આ પણ વિશેષરૂપથી જાણવું જોઈએ કે, પહેલાં બ્રહ્મસંબંધ દ્વારા દોષોની નિવૃત્તિ કહીને આગળ ભવિષ્યમાં થનાર દોષોનો સંસર્ગ ન થાય તેના માટે જે સમર્પણ કહેલું છે તે બે પ્રકારનું છે. પહેલાં પ્રકારના સમર્પણ અંતર્ગત ભગવદ્-ધર્મ અથવા સેવક-ધર્મને નિભાવવા માટે સઘળી વસ્તુઓનો ઉપભોગ કર્યા પહેલાં જ ભગવાનને સમર્પણનો આગ્રહ રાખવાનું કહેલું છે. બીજા પ્રકારમાં લોકવ્યવહારને નિભાવવા માટે આપત્તિકાલમાં પોતે ઉપભોગ કરી લીધા પછી પણ સમર્પણ કરી શકવાનું વિધાન કરેલું છે. આ બંને પ્રકારના સમર્પણોમાં પહેલાં સમર્પણ દ્વારા બ્રહ્મરૂપતા રૂપ-ફલની પ્રાપ્તિ થશે તેમજ બીજા પ્રકારના સમર્પણમાં તે ગંગામાં મળી ગયેલા દોષોની નિવૃત્તિની જેમ આ દોષોની નિવૃત્તિ માત્ર થશે. આનાથી એ સિદ્ધ થયું કે ''સેવાફલ'' ગ્રંથમાં કહેલા મધ્યમ-જઘન્ય ફલોપયોગીસેવા ક્રમથી સિદ્ધ થાય છે. તેથી બધું જોતાં એમ સમજવું જોઈએ કે, અન્યમાર્ગોમાં જે દોષ નિવૃત્તિ અન્ય સાધનોની અપેક્ષા રાખે છે, તે અહીં ભગવદ્સેવાનું સમ્પાદન કરવાવાળા બ્રહ્મસંબંધરૂપી – સંસ્કારનું સામાન્ય ફલ છે. અને આજ કારણથી આ ગ્રંથનું નામ ''સિદ્ધાન્ત રહસ્ય'' છે.

ઉપરના શ્લોકની ટીકામાં જ શ્રીપુરુષોત્તમજી આજ્ઞા કરે છે – ''આ રીતે બધા જ વિવેચનો દ્વારા-બધા જ દોષોની નિવૃત્તિનું સ્વરૂપ, ફરીથી તે ઉત્પન્ન ન થાય તેના ઉપાય, પછી (ભોગ કર્યા પછી) સમર્પણ કરવામાં દોષનું ન હોવું, ભક્તિના ઉપદેશ કરવાવાળા વાકયોમાં પરસ્પર જોવામાં આવતાં વિરોધાભાસના નિરાકરણ દ્વારા પ્રભુ-આજ્ઞાના નિર્વાહનો પ્રકાર તેમજ લોકવ્યવહારને નિભાવવા માટે જો માર્ગ-આજ્ઞા ગૌણ કરી દેવી પડે તો પણ દોષ નથી – આવા પ્રકારના ઉપદેશ કરીને આ બધાનું ફલ ''સર્વેષાં બ્રહ્મતા તતઃ'' વગેરે શબ્દોથી કહી રહ્યા છે. અહીં 'તતઃ' શબ્દ પહેલાં કહેલાં સાધન સમૂહોને જણાવનાર છે.

હજુ પણ વિશેષ સ્પષ્ટતાથી સમજવું હોય તો આ ગ્રંથની પાંચમા

શ્લોકની ટીકામાં (નિવેદિભિઃ સમર્પ્યૈવ સર્વં કાર્યં ઈતિ સ્થિતિઃ) અહીં મૂલમાં ‘સ્થિતિઃ’ શબ્દનું વિશ્લેષણ કરતાં આપશ્રી આજ્ઞા કરે છે – ‘મર્યાદા’ નો અર્થ છે એવી આજ્ઞા જેનું ઉલ્લંઘન ન કરવું જોઈએ’ જેવી રીતે વેદ વગેરેની મર્યાદાનું ઉલ્લંઘન કરીને કાર્ય કરવાથી કર્તા (કરનાર) દોષનો ભાગીદાર થાય છે, તેવી રીતે અહીં પણ ભક્તિમાર્ગની મર્યાદા (અસમર્પિત વસ્તૂનાં તસ્માદ્ વર્જનમ્ આચરેત્, નિવેદિભિઃ સમર્પ્યૈવ સર્વં કાર્યમ્ ઈતિ સ્થિતિઃ) નું ઉલ્લંઘન કરીને કાર્ય કરવાથી ભક્તિમાર્ગીય દોષનો ભાગી બને છે, આ બતાવવા માટે ભક્તને સંસારમાં રહેવાની મર્યાદા બતાવી છે. આ પ્રકારે ‘સ્થિતિઃ’ શબ્દનું વિશ્લેષણ કરવામાં આવ્યું.’’

આ શ્રીગોકુલનાથજીની ટીકાના વચનથી પણ એ સ્પષ્ટ થાય છે કે બ્રહ્મસંબંધ લીધા પછી અસમર્પિત વસ્તુનો ભોગ કરવાથી બ્રહ્મસંબંધનું ફલ નથી ગોલોક, નથી નિત્યલીલા, નથી ભગવદીયતા કે નથી ઉદ્ધાર પરંતુ ફલ છે એક માત્ર દોષના ભાગી બનવું.

બ્રહ્મસંબંધ કર્યા પછી ફલપ્રાપ્તિના સંદર્ભમાં શ્રીહરિરાયજી પણ આજ્ઞા કરે છે :– ‘‘ભગવત્સેવામાં સઘળી વસ્તુઓનું, બધા જ અધિકારીઓ (ભલે તે ઉત્તમ હોય, મધ્યમ હોય કે જઘન્ય) નો ભગવાનમાં ઉપયોગ કરવાથી ફલની સિદ્ધિ થાય છે, તેમાં સંશય નથી. કેમકે સર્વાંશમાં કરવામાં આવેલા સમર્પણનું જ ફલ પ્રાપ્ત થાય છે, આમ કહ્યું છે’’ ૧૭ ૧/૨.

અને શ્રીગિરિધરજી પણ આ ગ્રંથના ચોથા શ્લોકની ટીકામાં આજ્ઞા કરે છે – ‘‘તેથી સમસ્ત દોષોની નિવૃત્તિને માટે, સ્વધર્મની સિદ્ધિને માટે તેમજ ભક્તોની પરમકાષ્ઠાપન્ન દશા (‘પરમકાષ્ઠાપન્ન’ ભગવાનને કહેવામાં આવે છે. પરમ એટલે ‘શ્રેષ્ઠ’. શ્રેષ્ઠ શબ્દ ભૂમિનો વાચક છે અને આપન્ન એટલે ‘વ્યાપ્ત’ કેમકે ભગવાન બધાથી શ્રેષ્ઠ છે તેમજ તેઓ સર્વત્ર વ્યાપ્ત છે તેથી એમને ‘પરમકાષ્ઠાપન્ન’ કહેવામાં આવે છે. જીવની આવા ભગવાન સાથે ઓતપ્રોત થઈ જવાની સ્થિતિ ‘પરમકાષ્ઠાપન્ન–દશા’ કહેવાય છે) ની પ્રાપ્તિને માટે ભગવદ્–અસમર્પિત વસ્તુ માત્રનો પોતાનામાં તેમજ પોતાના લૌકિક વૈદિક કાર્ય માત્રમાં વિનિયોગ ન કરવો જોઈએ પરંતુ ભગવાનને સમર્પિત થયેલી વસ્તુઓનો જ વિનિયોગ કરવો જોઈએ. આથી નિવેદન (બ્રહ્મસંબંધ) પછી તેને (બ્રહ્મસંબંધ લેનારને) ભગવત્સ્વરૂપ સેવા પણ સર્વથા કર્તવ્યરૂપથી પ્રાપ્ત થાય છે.

અન્યથા જો ભગવત્સેવા કર્તવ્યરૂપથી પ્રાપ્ત ન હોય તો પ્રતિક્ષણ સ્વયંને માટે ઉપયોગી તે-તે વસ્તુઓનું ભગવાનમાં સમર્પણ કરવું જ સંભવ નથી હોતું'' આ વિવેચનથી પણ એ નિશ્ચિત થાય છે કે બ્રહ્મસંબંધ પછી સર્વસમર્પણ પૂર્વકની ભગવત્સેવા ફરજીયાત કર્તવ્ય છે.

હવે બ્રહ્મસંબંધનો હેતુ અને તેના અધિકારી કોણ તે સંદર્ભમાં પણ શ્રીહરિરાયજી આ જ ગ્રંથની ટીકામાં આજ્ઞા કરે છે - ''ભગવાનમાં બધી જ વસ્તુઓનો વિનિયોગ કરવા માટે જ બ્રહ્મસંબંધ કરવામાં આવે છે. કારણ કે, કૃષ્ણ પોતાની સાથે સંબંધ ન હોય તેવી કોઈપણ વસ્તુ સ્વીકારતા નથી, આ નિશ્ચિત છે.'' ૯૧.

શ્રીવિઠ્ઠલેશ્વરજી આ ગ્રંથના બીજા શ્લોકની ટીકામાં આજ્ઞા કરે છે - ''ત્યારે શ્રીગિરિધારીજીએ (શ્રીઠાકોરજીએ) કહ્યું કે - બ્રહ્મસંબંધ કરવાથી બધા જ દોષોની નિવૃત્તિ થાય છે. ભગવદ્-ભજન (ભગવદ્-સેવા) કરવા માટે જે જીવ તત્પર છે, તે તત્કાલ શુદ્ધ થઈ જાય છે. એવા શુદ્ધ-જીવનો મારી સાથે સંબંધ કરવો જોઈએ.

શ્રીપુરુષોત્તમજી આ વિષયમાં સ્પષ્ટતા કરતાં આજ્ઞા કરે છે - ''પૂર્વમાં જે ભગવાનના સેવક હતા અને કોઈ કોઇ પ્રકારથી એમનાથી વિખુટા પડીને અહીં આવી ગયા છે, એમના માટે જ આ પુષ્ટિભક્તિમાર્ગ છે. એમના જ બ્રહ્મસંબંધ કરવાથી તેઓ સમસ્ત દોષોથી નિવૃત્ત થઈ જાય છે. તેઓ જ આ માર્ગના અધિકારી છે. એટલા માટે નિબંધમાં આરંભે, ''જે સાત્ત્વિક છે, ભગવદ્ ભક્ત છે તેમજ પ્રભુ-ઈચ્છાથી ભૂતલ ઉપર આવી ગયા છે, જે મુક્તિના અધિકારી છે, તેમજ જેમનો આ અંતિમ જન્મ છે, એમના માટે જ આ ગ્રંથનું નિરુપણ કરવામાં આવી રહ્યું છે'' (શાસ્ત્રાર્થ પ્રકરણ -૨) શ્રીમહાપ્રભુજીએ આ કહ્યું છે અને જો કે ''જેમ વિષ્ણુભક્તિમાં બધા જીવ અધિકારી છે'' આ માઘસ્નાન વિષયક વાક્યમાં કહેવાયેલ દષ્ટાંત દ્વારા તેમજ ''દેવ, અસુર, મનુષ્ય, યક્ષ અથવા ગંધર્વ-કોઈપણ હોય, ભગવાનના ચરણકમલોનું જે ભજન કરે છે, તે અમારા સમાન કલ્યાણના પાત્ર થાય છે'' (ભા.પુ. ૭/૭/૫૦) આ સાતમા સ્કંધના પ્રહલાદ વાક્ય દ્વારા ભગવાનની ભક્તિ કરવામાં સ્વરૂપયોગ્યતારૂપ-અધિકાર તો બધા જીવોનો છે તો પણ ફલમુખ-યોગ્યતા તો ઉપર્યુકત

તાદશી જીવોની જ છે; તેથી બ્રહ્મસંબંધ એવા જીવોને જ કરાવવું જોઈએ.''

હવે આવા અધિકારી જીવોને ઓળખવા કેવી રીતે તે બાબતમાં પણ અત્યન્ત સ્પષ્ટ ખુલાસો શ્રીપુરુષોત્તમજી કરી રહ્યા છે કે – ''આવા જીવોની તાદશતા-એમનામાં રહેલી ભજન (સેવા) માં ઉત્કટ આદરને ઉત્પન્ન કરનારી ગુરુસેવા, એના મનમાં થઈ રહેલા અલૌકિક પ્રશ્ન, એની માર્ગમાં રુચિ, એનો વેશ, એની ભાષા તેમજ એના આચરણથી જાણવી જોઈએ.'' એટલે કે આટલી બાબતની ચકાસણી કરીને એમાં ખરો ઉતરતો હોય તેવા જીવને જ બ્રહ્મસંબંધ કરાવવું જોઈએ 'ટકે શેર ભાજી ટકે શેર ખાજા' એવા ન્યાયથી નહીં. હજુ પણ આગળ આપશ્રી આજ્ઞા કરે છે – ''જે પોતે જ આ માર્ગમાં ઉત્કંઠા ન રાખતો હોય પરંતુ સત્સંગ (બીજાના સંગથી આ માર્ગને ઉત્તમ જાણીને અનુસરવા માગતો હોય) કે કુલપરંપરાથી (તેના પરિવારમાં શ્રીઠાકોરજીની સર્વસમર્પણપૂર્વક ભગવદ્-સેવા થતી હોય) શરણાગત થાય છે, એવો જીવ પણ ઉપદેશ કરવા (બ્રહ્મસંબંધ આપવા) યોગ્ય છે. પરંતુ એના ઉપર ભગવત્કૃપા થશે કે નહીં ? આ સંદિગ્ધ (નિશ્ચિત ન) હોવાને કારણે ફલમુખતા એટલે કે ભગવદ્-પ્રાપ્તિ નિશ્ચિત રૂપથી કહેવી શકય નથી. તો પણ આવા જીવને ઉપદેશ કરવાવાળો (બ્રહ્મસંબંધ આપનાર) દોષનો ભાગી થતો નથી. (મનફાવે તેને બ્રહ્મસંબંધ આપી દેવાથી કે લઈ લેવાથી દોષના ભાગી થાય છે) કેમકે સત્સંગ વિગેરે કરવાથી આ સંભાવના અવશ્ય રહે જ છે કે ભવિષ્યમાં તે તાદશી થઈ જાય. પરંતુ છતાં પણ બ્રહ્મસંબંધ કરાવતાં પહેલાં તે પરીક્ષણ કરવા યોગ્ય છે.'' (પરીક્ષણ તો કરવું જ)... અને ''જો તે માર્ગ પ્રત્યે ઉદાસીન છે, (બ્રહ્મસંબંધ લઈને જેમ જીવન જીવે છે એમજ જીવવા માગે છે, અન્યાશ્રય, અસમર્પિત છોડવા નથી માગતો) તો એવાને માર્ગ-સંબંધી ઉપદેશ (બ્રહ્મસંબંધ) કરવો ન જોઈએ. જો તે બહિર્મુખતા પ્રગટ કરે (માર્ગને અનુસરવા જ ન માગતો હોય) ત્યારે તો તેની ઉપેક્ષા જ કરવી (બ્રહ્મસંબંધ ન આપવું) જોઈએ''

શ્રીયમુનાષ્ટકમ્
બાલબોધ
પંચપદ્યાનિ
સિદ્ધાન્તમુક્તાવલી
ભક્તિવર્ધિની
શ્રીકૃષ્ણાશ્રય
સિદ્ધાંતરહસ્યમ્
સંન્યાસનિર્ણય
સેવાફલ
શાસ્ત્રાર્થપ્રકરણ

:: સિદ્ધાન્તસાર ગર્ભિત સૂત્રો ::

(૧) બ્રહ્મસંબંધ સર્વસમર્પણપૂર્વક ભગવદ્‌સેવા કરવા માટે દોષોના નિવારણ કરવા માટે જ છે.

(૨) જેને પોતાના ઘરમાં સર્વસમર્પણપૂર્વક શ્રીઠાકોરજીની પોતાના તન-મન-ધન-પરિવારના સહયોગથી સેવા કરવી હોય તેવા જીવને જ બ્રહ્મસંબંધ લેવું-આપવું જોઈએ.

(૩) બ્રહ્મસંબંધ લઈને અસમર્પિતનો ભોગ કરનાર દોષનો ભાગી થાય છે.

(૪) ઝારીજી, મીસરી, દુધઘર, નાગરી વિ.ના ભોગવાળી એટલે કે અધુરા સમર્પણવાળી અંગહીન ભગવત્સેવા શ્રીમહાપ્રભુજીએ ક્યાંય બતાવેલી નથી તેથી આવી સેવા કપોલ-કલ્પિત એટલે કે મનઘડંત છે. સંપ્રદાયમાં તેનું કાંઈ જ ફલ નથી.

(૫) બ્રહ્મસંબંધ દ્વારા જીવના તથા દેહના ભગવત્સેવા કરવામાં આડે આવતા બધા જ દોષા નિવૃત્ત થઈ જાય છે છતાં પણ કોઈ નવા દોષો પેદા કરીને સેવાથી બહિર્મુખ થવું કે કરવા એ નર્યું પાખંડ જ છે.

(૬) ભગવત્સેવામાં પ્રવૃત્ત થવા માટે કુટુંબ-પરિવાર-જ્ઞાતિ કે સ્નેહીજનો સાથે ખાનપાનના કે અન્ય વ્યવહારો છોડી દેવા જ પડે એવું સમ્પ્રદાયના એકપણ ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ કે પછી પ્રાચિન આચાર્યોએ સિદ્ધાન્તના રૂપમાં કયાંય પણ બતાવેલું નથી.

(૭) કોઈને પણ બ્રહ્મસંબંધ આપતા પહેલાં તેની બરાબર ચકાસણી કરીને માર્ગને અનુકૂળ બનવા અને અનુસરવા તૈયાર હોય તો જ બ્રહ્મસંબંધ આપવું જોઈએ અને તેવાઓએ જ લેવું પણ જોઈએ.

સાવધાન! સાવધાન!! સાવધાન!!!

ષોડશગ્રન્થના જ્ઞાન વિનાનું કોરું ભાગવતનું શ્રવણ-પઠન-મનન પુષ્ટિમાર્ગીને ગેરમાર્ગે દોરનારું પણ બની શકે છે.

સિદ્ધાન્ત રહસ્ય ગ્રંથના આનુષંગીક કેટલાક મહત્ત્વપૂર્ણ સિદ્ધાન્તના વિશેષ રહસ્યો

(૧) કોઈપણ લીધેલી દીક્ષાના મંત્રને ભૂલી જવો તે મહાન દોષ છે અને તેનાથી લીધેલી દીક્ષા નિવૃત્ત થઈ જાય છે.

(૨) બ્રહ્મસંબંધ કેવા ગુરૂ પાસેથી લેવું તેના માટે પણ શ્રીમહાપ્રભુજીએ ચકાસણી કરવા માટેના લક્ષણો બતાવ્યા છે – (૧) કૃષ્ણની સેવામાં જાતે જ પ્રવૃત્ત હોય (નોકર, ચાકરો કે શિષ્યો પાસે ન કરાવતા હોય) (૨) દંભ વગેરેથી રહિત હોય (દેખાડવા પુરતી સેવા હોય પરંતુ તેના દ્વારા પોતાનો કોઈપણ સ્વાર્થ જેમકે પૈસા, પ્રતિષ્ઠા વિ. કમાવા માટેન કરતા હોય) (૩) શ્રીમદ્ ભાગવતના તત્ત્વને જાણનારા હોય (શાસ્ત્રીજીઓ દ્વારા શિષ્યોને ભાગવત સમજાવનારા નહીં) (૪) નર હોય (પુરૂષ દેહ વાળા હોય સ્ત્રી દેહ નહીં) આવા ચાર લક્ષણ જેનામાં હોય તેને શ્રીમહાપ્રભુજી ગુરૂ બનાવવા માટે લાયક ગણે છે.

(૩) શ્રીમહાપ્રભુજી આગળ પણ આજ્ઞા કરે છે – આવા લક્ષણોવાળા ગુરૂ ન મળે તો પણ કૃષ્ણ સેવાથી વિમુખ ન રહેવું અને જાતે જ કૃષ્ણની સેવામાં તત્પર થઈ જવું. (શ્રીમહાપ્રભુજીને ગુરૂ માનીને).

(૪) શ્રીપુરુષોત્તમજી આ બે શ્લોકના સંદર્ભમાં આજ્ઞા કરે છે – આ ચાર લક્ષણ તો પુરેપુરા કેવળ શ્રીમહાપ્રભુજીમાં જ સંભવે છે તેથી શ્રીમહાપ્રભુજીને જ ગુરુ માની એમના વંશજો જેઓ શ્રીમહાપ્રભુજીને અનુસરતા હોય તો તેઓ પાસેથી બ્રહ્મસંબંધ કે અષ્ટાક્ષર દીક્ષા લેવી જોઈએ. અને શ્રીમહાપ્રભુજીની આજ્ઞાઓને જ ગુરુ આજ્ઞા માનીને અનુસરણ કરવું જોઈએ.

(૫) શ્રીમહાપ્રભુજીએ ભગવત્સેવાનો એક જ પ્રકાર બતાવેલો છે અને તે છે, સર્વસમર્પણપૂર્વક પોતાના ઘરમાં શ્રીઠાકોરજી પધરાવીને પોતાના જ તન–મન–ધન અને પરિવારના સહયોગથી કરવી.

(૬) સિદ્ધાન્ત મુક્તાવલી ગ્રંથની વિવૃત્તિમાં શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે – બીજાને પૈસા (પગારરૂપે, મનોરથમાટે કે ભેટરૂપે) આપીને સેવા

કરાવવાથી માનસી જે ફલરૂપા છે તે ક્યારેય પણ સિદ્ધ થતી નથી. શ્રીપુરુષોત્તમજી આના ઉપર વિશેષ પ્રકાશ કરતાં આજ્ઞા કરે છે - કોઈ બીજી વ્યક્તિને પૈસા આપીને ભગવદ્સેવા કરાવવાથી ચિત્તમાં રાજસતા આવે છે અને અહંકાર વધે છે અને પૈસા લઈને સેવા કરવાથી કરેલી સેવાનું ફલ મળતું નથી તે કેવળ મજુરી-વેઠ જ છે. તેથી 'તનુ વિત્તજા' પદ સમસ્ત હોવાથી એક જ વ્યક્તિનું તન અને ધન લાગે તે જ સેવા છે. તન એકનું ધન બીજાનું કે ધન એકનું તન બીજાનું તેમ નહીં.

(૭) ભગવદ્સેવા માટે ભગવાનના નામે આવતા ભેટ (પૈસા) સામગ્રીમાં (કોઈપણ વસ્તુ) ભગવાનની સત્તા હોવાથી તેમાંથી ધરેલી સામગ્રીનો પ્રસાદ દેવદ્રવ્ય થાય છે અને શ્રીમહાપ્રભુજી આવો પ્રસાદ ખાનાર માટે ક્રોધયુકત વચન કહે છે - ''મેરો વ્હેકે દેવદ્રવ્ય ખાયેગો સો મહાપતિત વ્હે જાયેગો મેરો નાંહિ કહાવેગો'' ''મેરો સેવક કબહૂ દેવદ્રવ્ય નાંહી ખાયગો''

(૮) પુષ્ટિભક્તિમાર્ગમાં શ્રીમહાપ્રભુજીએ ગુરૂના અને શિષ્યના એમ બે પ્રકારના અલગ-અલગ સિદ્ધાન્તો બતાવેલા નથી તેથી એક જ સિદ્ધાન્તોનું અનુસરણ ગુરૂ-શિષ્ય બંનેને એકસરખું જ બંધનકારક છે.

(૯) સમ્પ્રદાયમાં પ્રવેશ કરવા માટે બે પ્રકારની દીક્ષા આપવામાં આવે છે. (૧) અષ્ટાક્ષર દીક્ષા (૨) બ્રહ્મસંબંધ દીક્ષા. આમાં પહેલી અષ્ટાક્ષર દીક્ષા એના માટે છે જેને કેવળ એક માત્ર શ્રીકૃષ્ણને પોતાના સ્વામિ અને રક્ષક માની અન્યાશ્રયનો ત્યાગ કરી વૈષ્ણવી જીવન વ્યાપન કરવું હોય તેનાં માટે છે. જ્યારે બ્રહ્મસંબંધની દીક્ષામાં અન્યાશ્રયનો ત્યાગ કરીને વિશેષમાં જેને પોતાના ઘરમાં સર્વસમર્પણપૂર્વક ભગવદ્સેવા કરવી છે તેને માટે છે.

(૧૦) અષ્ટાક્ષરની દીક્ષાથી નવધા ભક્તિમાંથી સાત પ્રકારની ભક્તિનો અધિકાર પ્રાપ્ત થાય છે (૧) શ્રવણ (૨) કીર્તન (૩) સ્મરણ (૪) પાદસેવન (૫) વંદન (૬) અર્ચન (૭) દાસ્ય આના દ્વારા તે

ભગવદ્પ્રાપ્તિ કરી શકે છે. છેલ્લા બે પ્રકારની ભક્તિ સિદ્ધ કરવા માટે ભગવદ્સ્વરૂપની સેવા અનિવાર્ય છે એ (૮) સખ્ય (૯) આત્મનિવેદન છે. આનો અધિકાર પ્રાપ્ત કરવા માટે જ બ્રહ્મસંબંધ દીક્ષા છે.

(૧૧) ભગવદ્સેવામાં નેગ-ભોગ-રાગના વૈભવ અનિવાર્ય નથી પોતાને જે સહજતાથી સન્માર્ગ દ્વારા પ્રાપ્ત થાય તેનાથી જ કરવાની છે.

(૧૨) ભગવદ્સેવા પાંચ પરિસ્થિતિઓમાં છોડી દેવી જોઈએ એવી શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે (૧) વિક્ષેપ (સેવા કરતી વખતે ચિત્ત સતત બીજે ભટકતું હોય) (૨) અશક્તિ -(દેહ અશકત થઈ જાય ત્યારે) (૩) પ્રતિબન્ધ (સેવા કરતી વખતે નિરંતર લૌકિક પ્રતિબન્ધો આવતા હોય) (૪) અત્યાગ્રહ (સેવામાં શ્રીઠાકોરજી કરતાં બીજી સેવા સંબંધી બાબતોનો જડ આગ્રહ થઈ જાય) (૫) પરપીડા (આપણી સેવાથી બીજાઓને પીડા પેદા થઈ જતી હોય)

(૧૩) ભગવત્સેવામાં કલેશયુકત પદાર્થોનું સમર્પણ ન કરવું જોઈએ આવા પદાર્થો ત્રણ પ્રકારના છે તેમ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે (૧) લોકક્લિષ્ટ (૨) આત્મક્લિષ્ટ (૩) ચિત્તક્લિષ્ટ.

(૧) લોકક્લિષ્ટ :- જે વસ્તુ આપણે મેળવી તે મેળવવામાં કોઈપણ જીવને કલેશ થયો હોય એટલે કે કોઈપણનો જીવ દૂભાણો હોય તેવી વસ્તુ.

(૨) આત્મક્લિષ્ટ :- જે વસ્તુથી પુષ્ટિજીવના આત્મા એવા પુષ્ટિપ્રભુને કલેશ થાય તેમને ન રૂચે એવી વસ્તુ.

(૩) ચિત્ત ક્લિષ્ટ :- જે વસ્તુ પ્રાપ્ત કરવામાં આપણને પોતાને કલેશ અનુભવાયો હોય તેવી.

★★★

શ્રીમહાપ્રભુવિરચિતસાહિત્ય

- (૧). તત્ત્વાર્થદીપ નિબન્ધ
- (૨). ભાષ્ય
- (૩). ભાગવત વ્યાખ્યા
- (૪). પ્રકરણ ગ્રન્થ
- (૫). પ્રકીર્ણ ગ્રન્થ

(૧). તત્ત્વાર્થદીપનિબન્ધ

- શાસ્ત્રાર્થપ્રકરણ
- સર્વનિણયપ્રકરણ
- ભાગવતાર્થપ્રકરણ

(૨). ભાષ્ય

- પૂર્વમીમાંસાભાષ્ય
  - ક). કારિકાત્મક
  - ખ). ગદ્યાત્મક
- બ્રહ્મસૂત્રભાષ્ય
  - ક). કારિકાત્મક
  - ખ). ગદ્યાત્મક
- ગાયત્રીભાષ્ય

(૩). ભાગવત વ્યાખ્યા

- સૂક્ષ્મટીકા
- સુબોધિની

(૪). પ્રકરણગ્રન્થ

- યમુનાષ્ટકઆદિ ષોડશગ્રન્થ
- શિક્ષાશ્લોકી તથા પંચશ્લોકી

(૫). પ્રકીર્ણગ્રન્થ

- ભક્ત્યંગ
  - નામપાઠાર્થ પુરુષોત્તમ-સહસ્ત્રનામ, ત્રિવિધ-નામાવલી તથા કૃષ્ણપ્રેમામૃત
  - રૂપવર્ણનાર્થ સ્તુત્યર્થ પરિવૃઢાષ્ટક, મધુરાષ્ટક ગિરિરાજધાર્યાષ્ટક, શ્રીકૃષ્ણાષ્ટક, ગોપીજનવલ્લભાષ્ટક આદિ
  - લીલાચિન્તનાર્થ દશમસ્કન્ધાનુક્રમણિકા
- વાદાંગ
  - પત્રાવલમ્બન

॥ ષોડશગ્રન્થમહાત્મ્યમ્ ॥

શ્રીમદાચાર્યચરણઃ સ્વીયાનાં ભક્તિસિદ્ધયે ॥ અકાર્ષુઃ ષોડશગ્રન્થાન્ સ્વસિદ્ધાન્તાર્થબોધનમ્ ॥૧॥
તદ્વ્યાખ્યાનં કૃતં પૂર્વૈઃ પ્રભુભિશ્ચ પૃથક્ કવચિત્ । યમુનાષ્ટકમ્ આરભ્ય સેવાફલમ્ ઉદાહૃતાઃ ॥૨॥
એવં ષોડશભિર્ ગ્રન્થૈઃ પુરુષોત્તમ-સેવનમ્ ॥ પ્રતિપાદ્ય ફલત્વેન ચક્રે જીવોદ્ધૃતિં વિભુઃ ॥૩॥
અવતારદશાયન્તુ ઉદ્ધૃતી રૂપદર્શનાત્ ॥ ઇહ નામાત્મકૈર્ ગ્રન્થૈઃ સ્વદાસાનાં સદોદ્ધૃતિઃ ॥૪॥
તસ્માત્ સર્વપ્રયત્નેન દૈવૈઃ કર્તવ્યમેવ હિ ॥ સેવનં શ્રીવ્રજેશસ્ય તદ્ગ્રન્થાનાં ચ પાઠનમ્ ॥૫॥
॥ ઇતિ શ્રીદ્વારકેશચરણવિરચિતં ષોડશગ્રન્થમાહાત્મ્યમ્ ॥

॥ ષોડશગ્રન્થ અને શ્રીવલ્લભના અંગો ॥

કર મન શ્રીવલ્લભ-અંગન ધ્યાન । વામચરન ‘કૃષ્ણાશ્રય’ હોય કે
દક્ષિનચરન ‘સિદ્ધાન્ત’ બખાન ॥ ૧ ॥
વામઉરૂ ‘નવરત્ન’ કહિયે । દક્ષિનઉરૂ ‘ભક્તિવર્ધિની’ જાન ।
વામભુજા ‘વિવેકધૈર્યાશ્રય’ જાનિકે । દક્ષિન ભુજા ‘પુષ્ટિપ્રવાહમર્યાદા’ જાન ॥ ૨ ॥
નાભિ ‘અંતઃકરણ’ કહિયે । ‘સિદ્ધાન્તમુક્તાવલી’ હૃદય આન
‘બાલબોધ’ શ્રીમુખારવિન્દમેં । ‘જલભેદ’ કંઠ કર ગુણગાન ॥ ૩ ॥
‘સંન્યાસનિર્ણય’ ભાલજુ ઝલકે । મસ્તક ‘નિરોધ’ પ્રમાણ
‘પચપદ્યાનિ’ બુદ્ધિ માનિયે । ‘યમુનાષ્ટક’ મન માન ॥ ૪ ॥
અહંકાર ‘ચતુઃશ્લોકી’ જાનિયે । ‘સેવાફલ’ શુદ્ધ જાન
નિત્ય પ્રતિ ક્ષણ-ક્ષણ સ્મરન કીજે । રસિક શ્રીવલ્લભ જાન ॥ ૫ ॥

ક્રમાંક	ગ્રન્થ	શ્રી મહાપ્રભુજીના શ્રી અંગનું સ્વરૂપ	શ્લોક સંખ્યા	રચના સંવત	સ્થાન	વર્ણિત વિષય	કયા ભગવદીય માટે પ્રકટ થયો	પુષ્ટિભક્તિનું અઙ્ગ
૧	શ્રી યમુનાષ્ટકસ્તોત્ર	દક્ષિણ અંગ	૯	૧૫૪૯	ગોકુલ	શ્રી યમુનાજીની સ્તુતિ	શ્રી યમુનાજી	ભક્તિ
૨	બાલબોધ	મુખારવિન્દ	૧૯ ૧/૨	૧૫૫૦	પુષ્કરરાજ	લૌકિકમોક્ષપુરુષાર્થનું નિરૂપણ	નારાયણદાસ કાયસ્થ	આશ્રય
૩	સિદ્ધાન્તમુક્તાવલી	હૃદય	૨૧	૧૫૫૫	જતિપુરા	સ્વસિદ્ધાન્તરૂપ કૃષ્ણસેવા એવં બ્રહ્મવાદનું નિરૂપણ	અચ્યુદાસ સનોઢિયા	સેવા
૪	પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ	દક્ષિણભુજા	૨૫ ૧/૨	-	-	માર્ગભેદ, સર્ગભેદ એવં ફલભેદનું નિરૂપણ	-	સેવા
૫	સિદ્ધાન્તરહસ્ય	દક્ષિણચરણ	૮ ૧/૨	૧૫૪૯	ગોકુલ	બ્રહ્મસમ્બન્ધની આજ્ઞા	દામોદરદાસ હરસાની ગોકુલદાસ	સમર્પણ
૬	નવરત્ન	વામઉરૂ	૯	૧૫૫૮	અડેલ	ઉદ્વેગરૂપ પ્રતિબન્ધનું વારણ	ગોવિન્દદુબે સાંચોરા, મુરારિઆચાર્ય	સમર્પણ
૭	અન્તઃકરણપ્રબોધ	નાભિ	૧૦ ૧/૨	૧૫૨૭	અડેલ	ભગવદ્-અપરાધ તથા પશ્ચાતાપરૂપ ઉદ્વેગનું નિરૂપણ	સ્વયં ના માટે, એક વિરક્ત વૈષ્ણવ	સમર્પણ
૮	વિવેકધૈર્યાશ્રય	વામભુજા	૧૭	-	-	વિવેક-ધૈર્ય-આશ્રય સ્વરૂપ એવં સિદ્ધાન્તનું નિરૂપણ	-	આશ્રય
૯	કૃષ્ણાશ્રય	વામચરણ	૧૧	૧૫૭૦	અડેલ	શ્રીકૃષ્ણથી અતિરિક્ત અન્ય સાધનોની વિફલતાનું નિરૂપણ	બૂલામિશ્ર	આશ્રય
૧૦	ચતુશ્લોકી	દક્ષિણકર્ણ	૪	૧૫૮૦	કાશી	પુષ્ટિમાર્ગીય ચતુર્વિધ પુરુષાથનું નિરૂપણ	રાણાવ્યાસ, ભગવાનદાસ સાંચોરા	ભક્તિ
૧૧	ભક્તિવર્ધિની	દક્ષિણઉરૂ	૧૧	૧૫૫૨	ગુજરાત	ભક્તિને વધારવાના ઉપાયોનું નિરૂપણ	પુરુષોત્તમ જોષી	ભક્તિ
૧૨	જલભેદ	કણ્ઠ	૨૧	-	-	ભગવત્કથા કરવાવાળા વક્તાના ભેદ	-	ભક્તિ
૧૩	પઞ્ચપદ્યાનિ	વામકર્ણ	૫	-	-	શ્રોતાના ભેદ	-	આશ્રય
૧૪	સન્યાસનિર્ણય	લલાટ	૨૨	૧૫૫૧	બદરિકાશ્રમ	ભક્તિમાર્ગીય ત્યાગાનું નિરૂપણ	નરહરિસંન્યાસી, એકવિરક્ત	સેવા
૧૫	નિરોધલક્ષણ	મસ્તક	૨૦	૧૫૬૬	-	નિરોધના લક્ષણ એવં ઉપાયનું નિરૂપણ	રાજા દુબે, માધવ દુબે	સમર્પણ
૧૬	સેવાફલ	વામ અંગ	૭ ૧/૨	૧૫૮૨	આગરા	સેવામા અનુભુત થતા ફલ એવં તેમા આવતા પ્રતિબન્ધોનું નિરૂપણ	વિષ્ણુદાસ છીપા	સેવા